

# 73મા મુક્તિદિવસે દાદરા નગર હવેલીના મુક્તિસંગ્રામના ઈતિહાસની એક ઝલક




વાપી : દાદરા નગર હવેલીના મુક્તિ દિવસના ઈતિહાસને પણ યાદ કરી લેવું જોઈએ. ભારત ૧૯૪૭માં આઝાદ થયું ત્યારે કેટલાક વિસ્તાર પર પુર્તગલનું શાસન હતું. જેમાં દીવ-દમણ-ગોવા તથા દાદરા નગર હવેલીનો સમાવેશ થતો હતો. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦માં જયારે ભારત પ્રજાસત્તાક બન્યું ત્યારે ફ્રાંસિસી સરકારે ભારતના પૂર્વ ક્ષેત્રમાં પોતાની સંપતિ ખાલી કરવાનો નિર્ણય કર્યો. પરંતુ ત્યારે પણ પુર્તગલ સરકાર અહીં હટવાનું નામ લેતી ન હતી.

તે સમયે ગોવા સાથે દાદરા નગર હવેલીમાં પણ સ્વતંત્રતા આંદોલન તેજ થઈ ગયું હતું. તે સમયે ગોવામાં નેશનલ લિબરેશન મૂવમેન્ટ સંગઠન તથા આઝાદ ગોમાન્તક દલ તેમજ આરએસએસ સહિતના સંગઠનો સાથે સ્થાનિક સ્વતંત્ર શૈનિકોએ દાદરા નગર હવેલીને મુક્તિ અપાવવા માટે તૈયારી હાથ ધરી. ત્રણે સંગઠને એક સાથે મળીને યુનાઈટેડ ફ્રંટ બનાવ્યું. બીજી તરફ યુનાઈટેડ ફ્રંટ ઓફ ગોઅન્સ દ્વારા પણ એક યોજના બનાવી. સૌથી પહેલા ૨૨ જુલાઈ ૧૯૫૪ની રાતે યુનાઈટેડ ફ્રંટ ઓફ ગોઅન્સના ૧૫ સભ્યોએ દાદરા પોલીસ સ્ટેશન પર હુમલો કરી તેને મુક્તિ અપાવી.

અહીં ત્રિરંગો ફરકાવવામાં આવ્યો. ત્યાર બાદ ૨૮ જુલાઈ ૧૯૫૪ના દિવસે નરોલી પોલીસ ચોકી પર આરએસએસ તથા આઝાદ ગોમાન્તક દળના સ્વયંસેવકોએ હુમલો કરી પુર્તગલ અફસરોને આત્મસમર્પણ માટે મજબુર કર્યા. ૨૯ જુલાઈએ નરોલી સ્વતંત્ર થયું.

અહીં પણ સ્વયંસેવકોએ પિપરીયા પર કબજા જમાવી દીધો. ત્યાર બાદ કપ્તાન ફિદાલ્ગોને આત્મસમર્પણ માટે ચેતવણી આપી પરંતુ તે ૧૫૦ શૈનિકો સાથે ખાનવેલ ભાગી છૂટયો. ૨ ઓગસ્ટ ૧૯૫૪ ના દિવસે સેલવાસ મુકિત થયું.

કપ્તાન ફિદાલ્ગોને અંતે ૧૧ ઓગસ્ટે ૧૯૫૪ના દિવસે આત્મસમર્પણ કરવું પડ્યું. સાર્વજનિક બેઠકને અંતે કર્મલકરને પહેલા પ્રશાસકના રૂપમાં પસંદ કરાયા હતા. ૧૯૫૪થી ૧૯૬૧ સુધી દાદરા અને નગર હવેલી વરીષ્ઠ પંચાયત દ્વારા સંચાલિત સ્વતંત્ર પ્રદેશ તરીકે રહયો.

૧૯૬૧માં જયારે ગોવાને મુક્ત કરવામાં આવ્યું ત્યારે દાદરા નગર હવેલી ભારતનો ભાગ બની ગયું. દાદરા નગર હવેલી ત્યાર બાદ કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે રહ્યો છે.

# મિથિલા નગરી પુલ પરથી જીવલેણ સ્ટંટબાજી



નવસારીઃ તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિ વચ્ચે નવસારીના મિથિલા નગરી પુલ પરથી કેટલાક યુવાનો વહેતા પૂરના પાણીમાં બેફામ છલાંગો મારતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચર્ચા જાગી છે. મનોરંજન અને સાહસના નામે કરવામાં આવતી આ જોખમી હરકતે જાહેર સલામતી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

પૂરનું પાણી બહારથી શાંત દેખાતું હોવા છતાં તેની અંદર તીવ્ર પ્રવાહ, અચાનક ઊંડાણ, કાદવ, લાકડાં, લોખંડના ટુકડા અને અન્ય જોખમી અવરોધો છુપાયેલા હોઈ શકે છે. આવી સ્થિતિમાં એક નાની ભૂલ પણ જીવલેણ અકસ્માતમાં ફેરવાઈ શકે છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે કેટલાક યુવાનો પાણીમાં તરવામાં કુશળ હોવા છતાં આવી બેદરકારીને યોગ્ય ઠેરવી શકાય નહીં. કારણ કે સોશિયલ મીડિયામાં વાયરલ થતા આવા વીડિયો અન્ય યુવાનો અને બાળકો માટે ખોટો સંદેશ આપે છે અને તેઓ પણ આવું જોખમ લેવાનો પ્રયાસ કરી શકે છે.

જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રે મિથિલા નગરી પુલ સહિત આવા સંવેદનશીલ સ્થળોએ સતત પેટ્રોલિંગ, બેરિકેડિંગ અને ચેતવણીના બોર્ડ ગોઠવવા તેમજ જોખમી સ્ટંટબાજી કરનારાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની જરૂરિયાત ઉભી થઈ છે.













